# ટુંકી મુદતની જાહેર નિવિદા નં. – ૧૩ (૨૦૧૪-૨૦૧૫)

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ યંત્રાલય, નરોડા, અમદાવાદ તરફથી યંત્રાલય ખાતે નીચેનાં કોષ્ટક મુજબ ઈલેકટ્રીકની કામગીરીઓ કરવાની થાય છે. આ અંગે ગુ.રા.મા.વા.વ્ય.નિગમના બાંધકામ ખાતામાં તેમજ સરકારશ્રીના જાહેર બાંધકામ ખાતામાં નોંધાયેલ ઠેકેદારોની માન્ય યાદીઓ મુજબ જે તે ઠેકેદારો પાસેથી સમયમર્યાદામાં કામગીરી કરવા માટે નીચે દર્શાવેલ કામો માટે મહોર બંધ "ઈ-૨ અને તેનાથી ઉપરની કેટેગરી"ના ભાવપત્રકો મંગાવવામાં આવે છે. જે કોલમ નં.૫ માં દર્શાવેલ તારીખના રોજ આ કચેરીને **આર.પીએ.ડી.** પધ્ધતીથી મોકલવાના રહેશે. ઠેકેદારશ્રીઓએ ભાવપત્રક મોકલતા પહેલા રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ તેમજ કોન્ટ્રાકટરના લાયસન્સની પ્રમાણિત નકલ, બેંક સોલવંશી સર્ટીફીકેટ, પાન નંબર વિગેરે પ્રમાણ પત્રોની પ્રમાણિત નકલ, ભાગીદારી દસ્તાવેજ, ઈલે. કોન્ટ્રાકટરનું લાયસન્સ, તેમજ નિગમનાં કે સરકારશ્રીના અન્ય વિભાગોમાં કરેલ કામોના અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત કરેલ નકલો જે તે કામ માટે રજુ કર્યેથી ટેન્ડરો ઈશ્યુ કરવામાં આવશે. આ ટેન્ડરો એજન્સીઓએ નિયત તારીખ સુધીમાં આ કચેરીને આર.પી.એ.ડી. થી મળી જાય તે રીતે મોકલી આપવાનાં રહેશે.

આ પ્રકારની લાયકાત ન ધરાવનાર એજન્સીઓએ ટેન્ડર ન ભરવાની ભલામણ છે.

- ભાવપત્રકો તા.૦૬/૦૪/૨૦૧૫ ના ૧૫:૩૦ કલાક સુધી કચેરીનાં ચાલુ કામકાજના દિવસોમાં મળી રહેશે.
- કોમર્શીયલ બીડ ઓપન કરવાની તા.૧૫/૦૪/૨૦૧૫ ના ૧૫:૩૦ કલાક

| નં. | કામનું નામ | ટેન્ડરની અંદાજીત રકમ | (૧) બાનાની રકમ<br>(૨) ભાવ પત્રકની કિંમત<br>(૩) કોન્ટ્રાકટર વર્ગ | (૧) ભાવપત્રક આપવાની તારીખ<br>(૨) ભાવપત્રક સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| આર.પી.એ.ડી.થી મોકલવાના થતા ટેન્ડરો | | | | |
| ૧ | સ્ટ્રીટ લાઈટ પોલ લગાવવાની કામગીરી. | ૧,૩૯,૮૮૫.૦૦ | ૧૩૯૭.૦૦<br>૬૦૦.૦૦<br>"ઈ-૨" અને ઉપર | તા.૨૫/૦૩/૧૫ થી તા.૦૬/૦૪/૧૫<br>તા.૦૭/૦૪/૧૫ થી તા.૧૩/૦૪/૧૫ |
| ૨ | ટ્રેનીંગ સેન્ટરમાં એલ.ઈ.ડી. ફિટીંગ લગાવવાની કામગીરી. | ૪,૧૩,૬૨૦.૦૦ | ૪૧૩૬.૦૦<br>૬૦૦.૦૦<br>"ઈ-૨" અને ઉપર | તા.૨૫/૦૩/૧૫ થી તા.૦૬/૦૪/૧૫<br>તા.૦૭/૦૪/૧૫ થી તા.૧૩/૦૪/૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ટ્રેનીંગ સેન્ટરમાં પ્રોજેક્ટર લગાવવાની કામગીરી. | ૧,૯૭,૨૫૩.૦૦ | ૧૯૭૩.૦૦<br><br>૬૦૦.૦૦<br><br>"ઈ-૨" અને ઉપર | તા.૨૫/૦૩/૧૫ થી તા.૦૬/૦૪/૧૫<br>તા.૦૭/૦૪/૧૫ થી તા.૧૩/૦૪/૧૫ |
| ૪ | ઈ.ડી.પી. સેક્શનનાં વોક વે ઉપર એલ.ઈ.ડી. પોલ લગાવવાની કામગીરી. | ૧,૧૯,૬૪૧.૦૦ | ૧૧૯૬.૦૦<br><br>૬૦૦.૦૦<br><br>"ઈ-૨" અને ઉપર | તા.૨૫/૦૩/૧૫ થી તા.૦૬/૦૪/૧૫<br>તા.૦૭/૦૪/૧૫ થી તા.૧૩/૦૪/૧૫ |

ઉપરોકત કામોની બાનાની રકમ માટે યંત્રાલય વ્યવસ્થાપકશ્રી, અમદાવાદનાં નામનો લેટેસ્ટ આર.બી.આઈ. ની સુચના મુજબનો ડીમાન્ડ ડ્રાફ્ટ પ્રાઇઝ બીડ સાથે મધ્યસ્થ યંત્રાલય ખાતે જમા કરાવવાનો રહેશે. બાનાની રકમ સિવાયના ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહીં. બાનાની રકમ ભર્યા અંગેની પહોંચ અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ભાવપત્રકના સપોર્ટીંગ ડોક્યુમેન્ટ સાથે મધ્યસ્થ યંત્રાલય ખાતે રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ/રૂબરૂ સ્વીકારવામાં આવશે. **ઠેકેદારે ડોક્યુમેન્ટ રજુ કરતી વખતે પરબીડીયા ઉપર કામનું નામ, ભાવપત્રક ઉપર ટેન્ડર મોકલવાની તારીખ સ્પષ્ટ રીતે વંચાય તેમ લખવી ખાસ જરૂરી છે.**

ઉપરોકત કામની જાહેર નિવિદાની વિગતો www.gsrtc.in ઉપર જોઈ શખાશે, ટેન્ડર ભરનાર ઠેકેદારશ્રીએ નીચેની શરતો ધ્યાને લેવા વિનંતી છે.

(૧) ટેન્ડર ભરનાર વ્યક્તિઓને સબમીશન કરતાં પહેલા નિયત કરેલ તારીખથી અગાઉ જે તે સ્થળની મુલાકાત લેવાની સલાહ છે. ટેન્ડર ભરનાર તમામ સંબંધિત દસ્તાવેજો, નમુના, સ્થળ વિગેરેનું નિરીક્ષણ કરે કે નહીં તો પણ તે અંગેની પુર્ણ જાણકારી છે એવું માનવામાં આવશે.

(૨) ટેન્ડર ભરનાર ટેન્ડર મોકલે એમાં એવું અભિપ્રેત છે કે એણે આ નોટીસ અને વિગતો, કોન્ટ્રાકટરને લગતા બીજા બધા દસ્તાવેજો વાંચ્યા છે અને કરવાના કામનું કાર્યક્ષેત્ર અને વિશિષ્ટ વિગતો અને કામના અમલ પર અસર કરતા બીજા પાસા અંગેની જાણકારી મેળવી છે.

(૩) એકજ કવરમાં એક કરતાં વધુ કામોની વિગતો સ્વીકાર્ય બનશે નહીં તથા આવા બીડ નોન રીસ્પોન્સીવ ગણવામાં આવશે, જેની તમામ એજન્સીઓએ નોંધ લેવી.

(૪) એજન્સીઓએ ખાસ ધ્યાને લેવું કે ટેકનીકલ બીડ ડોક્યુમેન્ટ ૧૨ ઈંચ x ૧૫ ઈંચ સાઈઝના મોટા કવરમાંજ મોકલવા, જેથી કરીને તમામ ડોક્યુમેન્ટ વ્યવસ્થિત રીતે સચવાઈ રહે.

(૫) ટેન્ડર ભરનારે ટેન્ડરમાં ભરેલ ભાવના ટકા આંકડા તેમજ શબ્દોમાં જણાવવા. દરેક બાબત માટેની રકમ ગણી કાઢવી અને જરૂરી સરવાળા કરવા. ભાવ, ટકા, આંકડા તેમજ શબ્દોમાં બંનેમાં લખવા અને રકમ ફક્ત આંકડામાં એવી રીતે લખવી કે પાછળથી તેમાં કોઈ ફેરફાર કરી શકાય નહીં. કુલ રકમ આંકડામાં અને શબ્દોમાં બંનેમાં દશાંસના બે આંકડા સુધી અચુક રકમ લખેલ હોવી જોઈએ.

(૬) ટેન્ડરના નમુનામાં જ બધા ભાવો જણાવવાના રહે છે.

(૭) જે કોન્ટ્રાકટર અથવા કોન્ટ્રાકટરોએ આ કામ માટે ટેન્ડર ભર્યું/ ભરવાના હોય તેણે/ તેમણે એજ કામ માટેના સાક્ષી થનારાનાં ટેન્ડરો રદ્દ થવાને પાત્ર થશે.

(૮) ટેન્ડર ભરનારે આ નોટિસમાં અને ટેન્ડરનાં દસ્તાવેજોમાં જણાવેલી દરેક શરતોનું પાલન થતું હોય એવું ટેન્ડર રજુ કરવાનું રહેશે.

(૯) વર્કઓર્ડર આપ્યા બાદ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે. સમયમર્યાદામાં વધારો થશે તો સદર બાબતે કરારના ક્લોઝ મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જે બાબતો ખાસ ધ્યાને લેવા વિનંતી.

(૧૧) પ્રાઇઝ બીડ કવર સાથે ટેન્ડર ફીની તેમજ ઈ.એમ.ડી.નો ડ્રાફ્ટ મુકવો ફરજીયાત છે, અન્યથા આવી એજન્સીઓએ ભરેલ પ્રાઈઝ બીડ રદ્દ કરવામાં આવશે નહીં, જે બાબતે કોઈ તકરાર કે કાનુની અવકાશ રહેશે નેહીં.

(૧૩) કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય યા તમામ ભાવપત્રકો સ્વીકારવાનો યા રદ્દ કરવાનો હક નિગમ અબાધિત રાખે છે.

(૧૪) સરકારશ્રીના આર. એન્ડ બી. ડીપાર્ટમેન્ટના નીતિ નિયમોનુસાર ઈલેકટ્રીકલ માલસામાન બસ સ્ટેશનોની/ડેપોની વિજળીકરણની કામગીરીમાં નીતિ નિયમો અનુસાર સ્ટાર રેટની જોગવાઈ છે.

(૧૫) ટેન્ડર મોકલતી એજન્સીઓએ ખાસ ધ્યાન લેવું કે ટેન્ડર કવર ઉપર પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, લેન્ડ લાઈન નંબર, ફેક્સ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય લખવો.

**બાંધકામ ખાતુ,**
નં. એસટીજી-સેવઅ-ઈલે-
ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, વહીવટી બિલ્ડીંગ
નરોડા, અમદાવાદ . તા.   /   /૨૦૧૫

**યંત્રાલય વ્યવસ્થાપક**
**એસ.ટી, મ.ય. અમદાવાદ.**

નકલ સ. રવાના :-(૧) મુખ્ય બાંધકામ ઇજનેરશ્રી, મધ્યસ્થ કચેરી ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદની જાણ સારૂ.